જુલાઈ ૨૦૧૦ વર્ષ ૩ અંક ૪

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY

માત્ર અંગત પ્રકાશન માટે જ

# પૂ.માસ્ટર, ચોર્યાસીની ઉંમરે

આ મારા કેટલાક અંગત દ્રષ્ટિબિંદુ છે – કારણ કે કોઈ અત્યંત ચોકક્સ ન હોઈ શકે કે પૂ.માસ્ટર શું છે! ચોર્યાસી વર્ષની ઉંમરે, પૂ.માસ્ટરનું સ્વાસ્થ્ય એવું નથી રહ્યું કે જેવું પહેલાં રહેતું હતું. તેઓ કાળજીપૂર્વક તેમની શક્તિઓને ટકાવી રાખે છે, કામની વચ્ચે આરામ માટે સમય ફાળવી લે છે અને તેઓ તેમનો સમય તથા શક્તિ અગ્રતા મુજબ, કામના દબાણ હેઠળ આવ્યા વગર વાપરે છે. દિવસના અંતે, કોઈ પણ કામ ચડેલું રહેતું નથી અને આપણને તે જોઈને નવાઈ લાગે છે કે તેઓ કેવી રીતે આપણા ઈ–મેઈલના જવાબ તે ને તે જ દિવસે આપે છે, પછી તે વહીવટી કાર્ય હોય કે અભ્યાસીનો વ્યથાભર્યો પોકાર હોય.




માસ્ટર રાજીખુશીથી વિવિધ ચિકિત્સાઓ અને દવાઓના ઉપચાર લેતા હોય છે – ક્યારેક એવું લાગે છે કે તેઓ આવું વધારે તો તેમની સારવાર કરતા લોકોને ખુશ કરવા માટે કરે છે. તેઓ દિવસના પ્રકાશમાં કાળા ચશ્મા પહેરે છે કારણ કે તેઓ ઝળહળતા પ્રકાશને સહન કરી શકતા નથી. ભાઈ સતબીર કે માસ્ટરનો પૌત્ર, ભાર્ગવ તેમને ઈ–મેઈલ વાંચવામાં અને તેનો જવાબ લખવામાં મદદ કરે છે. તેમની દ્રષ્ટિ નબળી પડી ગઈ હોવા છતાં તેમની આંતરિક શક્તિઓ પહેલાંની જેમ જ ટોચ પર જણાય છે. તેઓ લોકોને જોવા કરતાં વધારે તો તેમની મોજૂદગીનો અનુભવ વધારે કરે છે.

માસ્ટરનો ખોરાક બહુ સીમિત છે કારણ કે તેમને ઘણી બધી વસ્તુઓ ખાવાની મનાઈ છે. પરંતુ ભોજન લેવા માટે તેઓ થોડા અભ્યાસીઓ સાથે તેમના ટેબલ પર એક સમ્રાટની જેમ બેસે છે, તેઓ ચૂપચાપ જમે છે (કદાચ તેઓ મોજૂદ લોકો પર કામ કરતા હોય) અને ક્યારેક જીવંત વાર્તાલાપ થાય છે, અર્થભરી રમૂજ થાય છે અને તેમને ઉશ્કેરી શકે એવી કોઈ વ્યક્તિ હાજર હોય, તો માર્મિક હાજરજવાબ પણ સાંભળવા મળે છે.

માસ્ટર ચાલવા માટે ક્યારેક બહાર નીકળે છે, પણ તેઓ તેમના રૂમમાં 'વોકર' પર કસરત કરે છે. જ્યારે પણ તેમની શારીરિક શક્તિ ઓછી જણાય છે, ત્યારે તેની પુનઃપ્રાપ્તિ માટે ડૉ. મોહન સેલ્વાનને તેમના 'વન્ડર મશીન' સાથે બોલાવવામાં આવે છે. માસ્ટર અવારનવાર સહજ માર્ગ ચિકિત્સા કેંન્દ્રના દાંતના ડૉક્ટર સાથે પણ સમય ગાળે છે. પરંતુ તેઓ તેમની શારીરિક સમસ્યાઓને વધુ પડતું મહત્વ નથી આપતા. જ્યારે તેઓ તેમની બિમારીઓ સામે લડતા હોય, ત્યારે તેમનું વિનોદીપણું ખીલી ઊઠે છે.

અતિ ઝડપથી વિકસી રહેલાં મિશનનું પ્રમુખસ્થાન સંભાળતા હોવાથી માસ્ટરનું કાર્ય અને તેમની જવાબદારી અનેકગણી વધી ગઈ છે. તેઓ તેમના 'ગોલ્ફ–કાર્ટ' માં બેસીને બધે ફરે છે અને તેમને મળવા તરસતાં લોકોને મળે છે, આવકારે છે અને તેમની સાથે વાતચીત કરે છે. જ્યારે માસ્ટર મણપાકકમ, તિરુપુર કે કોલકત્તામાં હોય, ત્યારે ભારતના વિભિન્ન કેન્દ્રોના અભ્યાસીને ત્યાં આવવા માટે અને થોડા દિવસો ત્યાં ગાળવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આપણા આશ્રમમાં આવેલા અભ્યાસીઓના મોટા જૂથ સાથે રહીને તેમને ખુશી થાય છે અને તેમને અવારનવાર સત્સંગ કરાવવું પણ ગમે છે.

માસ્ટર દ્વારા સર્જિત સંકુલો, જેમ કે ઓમેગા સ્કૂલ, સતખોલ આશ્રમ, ક્રેસ્ટ અને રિટ્રીટ સેન્ટરો તેમનું એટલુંજ ધ્યાન માગતા હોય છે કે જેટલું સમગ્ર ભારતના મહત્વના આશ્રમો અને કેન્દ્રો માગતા હોય છે. ઘણી શારીરિક અસુવિધા હોવા છતાં, તેઓ તેની મુલાકાત લેવા માટે સમય કાઢી લે છે. જો કે તેમણે વિદેશોમાં જવાનું બંધ કરી દીધું છે કારણ કે તેઓ વિમાનમાં બેસીને હવે લાંબી હવાઈ મુસાફરીઓ કરી શકતા નથી. ભારતમાં, જ્યાં સુધી શક્ય હોય, ત્યાં સુધી તેઓ સડક માર્ગે મુસાફરી કરવાનું પસંદ કરે છે.

માસ્ટર બાળકોનું ખાસ ધ્યાન રાખે છે, પછી તે ઓમેગા સ્કૂલનાં બાળકો હોય કે અભ્યાસી માતાપિતા સાથે આવેલાં બાળકો હોય. તેઓ તે બાળકોની સાથે વાત કરવા માટે ઊભા રહે છે, શિશુઓના નામ પાડે છે, મોટાઓ સાથે મજાક કરે છે અને તેમની છડીના છેડાથી તેમના માથાને સ્પર્શે છે. એક નવી પેઢી ક્યારની આગેકૂચ કરતી દેખાઈ રહી છે, તેને માટે આપણે પૂ.માસ્ટરે છેલ્લાં વીસ વર્ષમાં બે હજારથી વધુ સહજ માર્ગ લગ્નો કરાવેલાં, તેના આભારી છીએ.

માસ્ટર જીવંત અને વિનોદી છે અને તેમનો જુસ્સો તો એક યુવાન જેવો છે. તેમની યાદશક્તિ તો હંમેશની જેમ જ અસાધારણ છે. તેમણે દાઢી ઊગાડી છે, પણ તે બાબુજી કરતાં ટૂકી છે. શરૂઆતમાં અમારામાંના થોડાને તે એટલી પસંદ નહોતી આવી, પણ હવે અમને જણાય છે કે તેઓ પહેલાંની જેમ જ મોહક લાગે છે. બહુ પહેલાં માસ્ટરે મને કહ્યું હતું કે જ્યારે તેઓ યુવાન હતા, ત્યારે તેમના એક કાકી તેમને કહેતા કે, ''તારામાં શ્રી કૃષ્ણના કેટલાક અંશ છે. તું જ્યારે ૯૦ વર્ષનો થઈશ, ત્યારે પણ મોહક જ લાગીશ.'' શેક્સપીયરની અભિવ્યક્તિ ઉછીની લઈને કોઈ અવશ્ય આ કહેવાને લલચાય કે, ''તારી અનંત વૈવિધ્યને આયુ કદી મુરઝાવી નહીં શકે અને વહીવટો કદી તને જીર્ણ નહીં કરી શકે.''

ભાઈ એ. પી. દુરાઈ દ્વારા લેખિત







શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# પૂ.માસ્ટરના જીવનનો એક દિવસ

પૂ.માસ્ટરની પૌત્રી માધુરી માસ્ટરની દિનચર્યા જણાવે છે કારણકે તેણે આ દિનચર્યાને ખૂબ નજીકથી નિહાળી છે.










કોઈ એક દિવસ લઈએ, તો રાત્રે ખલેલપૂર્ણ નિંદ્રા થઈ હોવા છતાં પૂ.માસ્ટર વહેલી પરોઢે ૪.૩૦ વાગે ઊઠી જાય છે. તેઓ તેમના સવારના ધ્યાન માટે ખૂબ ઓછા સમયમાં તૈયાર થઈ જાય છે અને તેઓ તરત જ ધ્યાન શરૂ કરે છે.

સવારે ૫.૩૦ વાગે – ધ્યાન પૂરું થતાં તેઓ કોફી પીવા અને સવારના આછા પવનની લહેર માણવા બહાર વરંડામાં આવે છે. અભ્યાસીઓ ઉઠી અને તૈયાર થઈ જતા હોય છે અને તેમને પૂ.માસ્ટર સાથે આ સમય ગાળવા મળશે તેવી આશા સાથે એક પછી એક તેઓ આવતા જાય છે. તે સૌનું આનંદભેર અભિવાદન કરીને પૂ.માસ્ટર સૌને પોતાની પાસે બેસવા આમંત્રે છે.

સવારે ૬.૧૫ વાગે – અત્યાર સુધીમાં તેમની કોફી પૂરી થઈ ગઈ હોય છે અને તેઓ દિવસના કામની શરૂઆત કરવા તેમની ઓફિસમાં જાય છે. તેઓ તેમને દરરોજ મળતી ઈમેલથી શરૂઆત કરે છે અને તે બધાંનો તેઓ થાક્યા વિના જવાબ આપે છે.

સવારે ૭.૦૦ વાગે – જુદા જુદા સેન્ટરોમાં કામ કરવા માટે બે પ્રશિક્ષકો બનાવવાનું કાર્ય કરે છે. આ કાર્ય પૂરું થાય ત્યારે ખબર પડે છે કે આઠ વાગી ગયા છે અને સવારના નાસ્તાનો સમય થઈ ગયો છે !

સવારે ૮.૩૦ વાગે – પૂ.માસ્ટર સવારનો નાસ્તો પૂરો કરે છે અને તેમના રૂમમાં જાય છે. ત્યાં જે અભ્યાસીઓ હાજર હોય, તેમને તેઓ મળે છે. તેઓ તેમની સાથે વાતચીત કરે છે, તેઓ તેમની ઓફિસમાં જાય, તે પહેલાં ખાસ કરીને નવપરિણીત યુગલોને, જેમની વર્ષગાંઠ હોય તેમને, બાળકોને અને જે લોકો દૂરથી આવ્યા હોય તેમને પહેલાં ચોક્કસ મળી લે છે. ત્યાં ભેગાં થયેલાં લોકોને તેઓ ૯.૦૦ વાગે સીટીંગ આપવાનું વચન આપે છે.

સવારે ૧૦.૦૦ વાગે – સીટીંગ પછી, તેઓ તેમની ઓફિસમાં પાછા જાય છે અને સેન્ટરના વહીવટ, આશ્રમ, નાણાંકિય, નવા બાંધકામ વગેરેને લગતા કામની સંભાળ લેવાનું ચાલુ કરી દે છે અને તે પછી કેટલાંક મહત્વનાં કાર્યકર્તાઓ સાથે તેમની બેઠક હોય છે.

સવારે ૧૧.૩૦ વાગે – સવારના ભોજન પહેલાંના લગભગ એક કલાકના ગાળામાં તેઓ તેમના કોમ્પ્યુટર પર તેમના રશિયન શીખવાના પાઠ લે છે.

બપોરે ૧૨.૩૦ વાગે – યોગાનુયોગે આજે તેમની સાથે બપોરનું ભોજન લેવા તેમણે ત્રણ રશિયનોને આમંત્રિત કર્યા છે. તેઓ તેમની ભાષાનો અભ્યાસ કરે છે અને તેમના સહવાસનો આનંદ માણે છે.

બપોરે ૧.૩૦ વાગે – હવે માસ્ટર કોઈ ટૂંકી દસ્તાવેજી ફિલ્મ જોવા જાય છે, મોટાભાગે તેઓ પ્રાણીજગતના જીવન વિશેની ફિલ્મ વધારે પસંદ કરે છે.

બપોરે ૨.૩૦ વાગે – તેમના શયનખંડમાં તેમના બપોરના આરામ માટે જાય છે. તેઓ સૂઈ જાય તે પહેલા કોઈ લગભગ અડધો કલાક માટે તેમને કોઈ એક પુસ્તકમાંથી વાંચી સંભળાવે છે.

સાંજે ૫.૦૦ વાગે – તેઓ ઊઠી ગયા હોય છે અને અડધો કલાક ચાલતી તેમની શ્વાસોછ્વાસની કસરતો પૂરી કરી દીધી હોય છે અને તેઓ કોફી પીવા તૈયાર હોય છે. તે પછી, તેઓ તેમની ગોલ્ફ કાર્ટમાં મણપાક્કમ આશ્રમમાં આંટો મારવા નીકળે છે, રસ્તામાં તેઓ સૌને મળતા જાય છે અને નવા સભાગૃહના બાંધકામના કામ પર નજર નાખતા રહે છે. રસ્તામાં કેન્ટીન પાસે ઊભા રહીને ત્યાં એકઠા થયેલાં લોકો સાથે થોડો નાસ્તો કરે છે.

સાંજે ૫.૩૦ વાગે – પૂ.માસ્ટર બહાર બગીચામાં અભ્યાસીઓ સાથે બેસે છે અને તેમના બાબુજી મહારાજ સાથેના શાહજહાનપુરના દિવસોની વાતો કરે છે. પછી તેઓ ૪૫ મિનીટ લાંબુ ચાલતું સીટીંગ આપે છે, અને પછી તેઓ સાંજનું કામ કરવા માટે ઓફિસમાં જાય છે!

સાંજે ૭.૩૦ વાગે – તેમની નવી ઈમેલોના જવાબ આપી અને તેમની ડાયરી લખીને માસ્ટર રાત્રિભોજન લેવા જાય છે.

રાત્રે ૮.૩૦ વાગે – રોજની ફિલ્મનો સમય. તેઓ અભ્યાસીઓએ લાવેલા પસંદગીના ચલચિત્રોમાંથી એક પસંદ કરે છે અને બધાં સાથે તે જુએ છે.

રાત્રે ૧૦.૩૦ વાગે – થકવી નાંખે તેવા દિવસને અંતે અત્યંત જરૂરી એવી સારી ઊંઘ લેવા માટે તેઓ સૂવા જાય છે.





## પૂ.માસ્ટર તિરૂપુરમાં

માસ્ટર તા. ૧૬મી એપ્રિલે તિરૂપુર ડાયમન્ડ જ્યુબિલી પાર્ક આશ્રમમાં ગયા. ૧૮મીએ રવિવારે સવારે ૭.૩૦ કલાકે લગભગ ૩૦૦૦થી પણ વધારે અભ્યાસીઓની હાજરીમાં તેમણે સત્સંગનું સંચાલન કર્યું. તે સાંજે તેમણે ચેટ્ટીપલાચમ ખાતે યોગાશ્રમની મુલાકાત લીધી. તેમણે આશ્રમ અને માસ્ટર્સ કૉટેજની જાળવણીને બિરદાવી. ટૂંકા રોકાણ બાદ તેઓ ડી.જે. પાર્ક પાછા ફર્યા.

૧૯મી એપ્રિલની સાંજે માસ્ટર કાંન્ગેયમ આશ્રમ ગયા, જે તિરૂપુરથી આશરે ૩૦ કિ.મી દૂર છે. ત્યાંનું વાતાવરણ ખૂબ સુંદર હતું. માસ્ટરે અભ્યાસીઓને ધ્યાનકક્ષની બહાર લીમડાના ઝાડના છાંયડામાં બેઠક આપી. આસપાસના કેંન્દ્રોના લગભગ ૩૦૦ જેટલા અભ્યાસીઓએ સત્સંગમાં હાજરી આપી.

૨૩મી એપ્રિલે માસ્ટરે આશ્રમમાં એકત્રિત આશરે ૩૦૦૦ અભ્યાસીઓ માટે રવિવારના સત્સંગનું સંચાલન કર્યું. તેઓ દરરોજ સાંજે બગીચામાં બેસતા હતા અને પવનની લહેરનો અને કુદરતી દ્રશ્યોનો આનંદ માણતા હતા.

જ્યારે માસ્ટર ત્યાં હતા, ત્યારે પૂ.બાબુજીની જન્મજયંતિની ઉજવણીની તૈયારીઓ ઝડપભેર ચાલી રહી હતી. અન્ય કેંન્દ્રોના સ્વયંસેવકો ઉત્સવ માટે જગ્યા તૈયાર કરવા કામે લાગી ગયા હતા. ૧૫૦૦૦ લોકોને સમાવી શકે તેવી ક્ષમતાવાળો વિશાળ ધ્યાનખંડ ઊભો કરવામાં આવી રહ્યો હતો.

પૂજ્ય બાબુજીના જન્મદિવસનો ઉત્સવ ૨૯મી એપ્રિલથી ૧લી મે દરમિયાન શાંત નિર્મળ વાતાવરણમાં પસાર થયો. ડી.જે. પાર્ક ઘણો ભવ્ય લાગતો હતો. માસ્ટરની વ્યાસપીઠ અને ધ્યાનખંડને ખૂબ સુંદર રીતે પુષ્પોથી સજાવાયા હતા. માસ્ટરે એકત્રિત થયેલા આશરે ૯૦૦૦ અભ્યાસીઓ માટે સત્સંગનુ સંચાલન કર્યું હતું. સત્સંગ પછી પુસ્તકો, સીડી, ડીવીડીનું વિમોચન કર્યું હતું.

૩૦મીની સાંજે ૫.૧૫ વાગે માસ્ટરે સત્સંગનું સંચાલન કર્યું. તે પછી તેઓ પૂણે (મહારાષ્ટ્ર રાજ્ય) કેંન્દ્રના અભ્યાસીઓને મળ્યા અને તેમણે તેમની સાથે, માસ્ટર પોતાની પ્રત્યે જુએ, ધ્યાન આપે, તેવી અભ્યાસીઓની અપેક્ષાઓ વિષે ચર્ચા કરી. માસ્ટરે સમજાવ્યું કે જ્યારે આપણે ગુરુજી સાથે હોઈએ, ત્યારે આપણે અહંકાર રહિત રહેવું જોઈએ અને તેમની પાસેથી કોઈ અપેક્ષા રાખવી જોઈએ નહીં.

૫મી મેના સવારે માસ્ટર કોઈમ્બતુર આશ્રમ ગયા અને ૯ કલાકે સત્સંગનું સંચાલન કર્યું. ૧૦૦૦થી પણ વધારે અભ્યાસીઓએ આ સત્સંગમાં હાજરી આપી.

સાંજે તેમણે કોઈમ્બતોરથી નીકળ્યા બાદ માલમપુઝાની સફર કરી. માલમપુઝા ખાતે વાતાવરણ ગરમ અને ભેજવાળુ હતું. રિટ્રીટ સેન્ટર ખાતે એક રાતના રોકાણ અને તે પછીના દિવસના નાસ્તા પછી પાછા ફરવાના તેમનું આયોજન થયું હતું. પરંતુ, બીજા દિવસે સવારે, કોઈ હાથીની દુર્ઘટનાને કારણે અવરોધ સર્જાતા રસ્તો બંધ કરવામાં આવ્યો હતો અને ટ્રાફિક બંધ કરાયો હતો. તેથી તેમને રોકાણ વધુ એક દિવસ માટે લંબાવવું પડ્યું હતું. તેમણે કહ્યું 'મારા સાહેબ, (બાબુજી) છે કે હું અહીં રહું.

૭મી મેના રોજ માસ્ટર તિરૂપુર પાછા ફર્યા અને ૯મીના સવારે તેમણે ડી.જે. પાર્ક ખાતે ત્યાં એકત્રિત થયેલાં લગભગ ૧૫૦૦ અભ્યાસીઓ માટે સત્સંગનું સંચાલન કર્યું.

૧૦મીની સવારે માસ્ટરે વિવિધ કેંન્દ્રોના અભ્યાસીઓને તિરૂપુર આવવા અને તેમની મુલાકાત લેવા માટે આમંત્રણ આપવાનું નક્કી કર્યું. આથી, વિવિધ કેંન્દ્રો જેવા કે રાજપલાયમ, શ્રીવીલ્લીપુથુર, હૈદરાબાદ, અને મદુરાઈ ક્ષેત્રના બધા જ કેંન્દ્રોના અભ્યાસીઓને આમંત્રિત કરવામાં આવ્યા અને ૧૧મી મેથી તે પછીના દિવસોમાં ડીજે પાર્ક ખાતે ઘણાં અભ્યાસીઓ ભેગા થયા હતા.

૧૧મી મેથી ૧૬મી મે સુધી, દરરોજ સવારે ૬.૩૦ વાગે પૂ.માસ્ટરે સત્સંગનું સંચાલન કર્યું. આ દિવસો દરમિયાન વિવિધ કેંન્દ્રોમાંથી ૧૫૦૦થી વધારે અભ્યાસીઓ હાજર રહ્યાં હતાં. ૧૬મીની સાંજના સંત્સંગ બાદ માસ્ટરે છેલ્લા થોડા દિવસો દરમ્યાન તેમની સાથે રહેવા બદલ બધા અભ્યાસીઓનો આભાર માન્યો અને વ્યાખ્યાન સાથે સત્રનું સમાપન કર્યું અને તેમાં તેમણે અભ્યાસીઓને નિયમિત સાધના દ્વારા અને દસ નિયમોને અનુસરીને પ્રાણાહુતિથી અપાયેલા ખજાનાને હૃદયમાં સાચવી રાખવાની વિનંતી કરી. વ્યાખ્યાનના અંતમાં પૂ.માસ્ટરે ખાતરી આપી કે આવા કાર્યક્રમો (માસ્ટર સાથે સતત સત્સંગો) ભવિષ્યમાં ચાલુ રહેશે અને બધા અભ્યાસીઓને વધારે અને વધારે મેળવવા તૈયાર થયેલા હૃદય સાથે પાછા આવવા આશીર્વાદ આપ્યા.

તિરૂપુર ખાતે એક મહીનાના લાંબા રોકાણ બાદ ૧૯મીની સાંજે તેઓ કોઈમ્બતોર જવા રવાના થયા, જ્યાં તેઓ એક અભ્યાસીને ઘરે રહ્યા અને બીજે દિવસે સવારે સત્સંગનું સંચાલન કર્યું.

માલમપુઝા






કોઈમ્બતુર



LMOIS વિદ્યાર્થીઓ સાથે



ચેન્નાઈ

## ચેન્નાઈ ખાતે પાછા

૨૧મી મેની સવારે ૧૧.૩૦ કલાકે માસ્ટરનું ચેન્નાઈમાં આગમન થયું. તેના પછીના ત્રણ અઠવાડીયા તેમણે 'ગાયત્રી'થી મણપાક્કમ આશ્રમ આવ–જા કરી. ચેન્નાઈના અભ્યાસીઓ ૨૩મી મેના રોજ લાંબા વિરામ બાદના પહેલા રવિવારનો સત્સંગ મેળવવા ભાવાતુર હતા. તેમના ગાયત્રી ખાતેના રોકાણ દરમિયાન તેમની સાથે જે અભ્યાસીઓ હતા તેઓની સાથે કેટલીક વાર આરામદયક અને શાંત સંધ્યા માણવા તેઓ મરીના બીચ પર, સમુદ્રતટે ગયા.

લાલજી મેમોરીયલ ઑમેગા આંતરરાષ્ટ્રીય શાળાના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષામાં સારા ગુણ મેળવ્યા હતા અને શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું હતું. પૂ.માસ્ટરે વિદ્યાર્થીઓને તેઓના ઉત્તમ દેખાવ માટે અભિનંદન આપવા ૨૮મી મેના રોજ તેમની મુલાકાત લીધી હતી. તે સાંજે થયેલી સરળ અને સહેલી વાતોથી હવામાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. જિંદગીમાં સૌથી વધુ પ્રાપ્ત કરવાની અગત્યતા ઉપર ભાર મૂકતા તેમણે એકઠા થયેલા વિદ્યાર્થીઓને કહ્યું, "હું હંમેશાં બાળકોને વર્ગમાં પ્રથમ આવવાનું નથી કહેતો. જો તમે હંમેશાં પ્રથમ આવશો, તો લોકો તમારી પાસે દરેક વખતે, વધારે અને વધારેની અપેક્ષા રાખશે. અમારા જમાનામાં આવા ક્રમાંકો હતા જ નહીં. વિષયનું સાચું જ્ઞાન જ અગત્યનું ગણાતું હતું." તેમણે સમજાવ્યું કે માત્ર શૈક્ષણિક કારકિર્દીને જ અગત્યતા ન આપવી, પણ દાન, સ્વસ્થ સંબંધો, સારી વર્તણૂંક અને સંપૂર્ણ પ્રસન્નતાને પણ અગત્યતા આપીને સંપૂર્ણ જિંદગી જીવવાની જરૂર છે. છઠ્ઠી જૂનના રોજ સત્સંગ બાદ તેમણે આઠ લગ્નોની લગ્નવિધિ સંપન્ન કરી અને આખા દિવસ દરમિયાન તેઓ અભ્યાસીઓને મળ્યા. ૭મીના રોજ કુર્નૂલ અને આંન્ધ્રપ્રદેશ કેંન્દ્રના ૧૫૦થી વધારે અભ્યાસીઓ માસ્ટર સાથે થોડા દિવસો વિતાવવા આવ્યા. તેમના રોજિંદા નિત્યક્રમમાં પરિવર્તન રૂપે, તેમણે સાંજનું ભોજન ત્યાં ભેગાં થયેલાં અભ્યાસીઓ સાથે, આશ્રમની કેંન્ટીન 'રુચિ કાફે' ખાતે કર્યું. સાંજે અભ્યાસીઓ તેમની સાથે હોવા છતાં તેમને ઘેરાઈને નહતા ઊભા રહ્યા, જેનાથી તેમનું માન જળવાયું હતું, આમ બધાંએ શિસ્ત દાખવ્યું હતું. જ્યારે માસ્ટર ઘરેથી આશ્રમ પાછા ફર્યા ત્યારે દક્ષિણ આંન્ધપ્રદેશના ૧૨૦૦ અભ્યાસીઓ તેમને આવકારવા આશ્રમમાં શાંતિથી રાહ જોતા, ચારે તરફ ઊભા હતા અને ત્યારે પણ તે જ શિસ્ત જણાઈ હતી. આશ્રમમાં સાંજે લટાર મારવા નીકળેલા માસ્ટરની નજર નવા સભાગૃહના બાંધકામની પ્રગતિ ઉપર હતી. તેમણે તે પછીના ત્રણદિવસ સુધી, મણપાક્કમ આશ્રમમાં દૂરથી આવેલા અભ્યાસીઓના લાભાર્થે ધ્યાનખંડમાં વારંવાર સત્સંગોનું સંચાલન કર્યું હતું.

૧૨મીના રોજ, માસ્ટરે આંન્ધ્રપ્રદેશથી તેમને ઘરે આવેલા ૬૦ અભ્યાસીઓનું સ્વાગત કર્યું અને તેમના પ્રશ્નોના શાંતિથી જવાબો આપ્યા હતા અને બપોરના ભોજન બાદ તેમને વિદાય પાઠવી હતી. ૧૩મીના રોજ, સવારે ૭.૩૦ કલાકના સત્સંગ દરમિયાન ૫૦૦૦ અભ્યાસીઓ હાજર હતા અને ત્યાર બાદ તેમણે બે યુગલોની લગ્નવિધિ સંપન્ન કરી હતી. અભ્યાસીઓ સાથેની અનૌપચારિક વાતચીતમાં માસ્ટર દિવ્ય ચેતના વિષે બોલ્યા હતા અને તેમણે કહ્યું, "દરેક અભ્યાસીને ધ્યાન દરમ્યાન અલગ અલગ અનુભવો થાય છે અને તેઓ બધા સાચા હોય છે. તેનું કારણ એ છે કે દિવ્યતા આપણા બધા સાથે તેનો સુમેળ સાધે છે અને આપણા બધાં સાથે તેનો એક અજોડ સંબંધ હોય છે. જેમ સૂર મેળવવા માટેના વાદ્યથી વીણાના બધાં જ તાર એકસાથે સંપૂર્ણ સંવાદિતામાં મળી જાય છે, તેમ જો આપણા બધાંનો સૂર દિવ્યતા સાથે એક થાય, તો જ સાચી દિવ્યતા પ્રાપ્ત થાય છે." સૌ વાતચીતમાં આત્મસાત થઈ ગયા હતા, ત્યાર પછી ત્યાં એકત્રિત થયેલાઓ માટે સત્સંગ યોજાયો હતો.

## નવી જવાબદારીઓ

| | |
|---|---|
| ભાઈ શ્રી કે. ટી. મંજુનાથ | ડિરેક્ટર, રિટ્રીટ કેંન્દ્ર, પાંચશેટ, પૂણે |
| ભાઈ ડૉ. એ. પેરુમલ | ડિરેક્ટર, કેસ્ટ, બેંગ્લોર |

### ઝોન–ઈન–ચાર્જ

| | |
|---|---|
| ભાઈ શ્રી સેશાદ્રી વેંકટાદ્રી | કર્ણાટક દક્ષિણ |
| ભાઈ શ્રી ટી. વી. વિશ્વનાથ રાવ | તમિલ નાડુ દક્ષિણ |
| ભાઈ શ્રી મનોજ તિવારી | બિહાર અને ઝારખંડ |
| ભાઈ શ્રી એસ. પ્રકાશ | તમિલનાડુ ઉત્તર |

### સેન્ટર–ઈન–ચાર્જ

| | |
|---|---|
| ભાઈ શ્રી પ્રભાકર રવૂરી | બેંગ્લોર |
| ભાઈ શ્રી શેખર રોય | ભુવનેશ્વર |

### રીજીયનલ–ઈન–ચાર્જ

| | |
|---|---|
| ભાઈ શ્રી પ્રસન્ના કૃષ્ણ | ઓસેનીઆ |
| ભાઈ શ્રી એન.એસ. નાગાર્જુન | યુરોપ |
| ભાઈ શ્રી શરત હેગડે | આફ્રિકા ખંડ અને હિંદ મહાસાગરના ટાપુઓ |
| ભાઈ શ્રી નીતીન ગોવીલા | દૂર પૂર્વ અને દક્ષિણ પૂર્વ એશિયા |
| ભાઈ શ્રી વિનોદ મિશ્રા | ચીન |
| ભાઈ શ્રી વીલીયમ વેકોટ | લેટીન અમેરિકા અને કેરેબિઅન ટાપુઓ |
| ભાઈ શ્રી સંતોષ શ્રીનીવાસન | કેનેડા અને યુ.એસ.એ. |
| ભાઈ શ્રી શ્રીધર કદમ્બ | પહેલાના સી.આઈ.એસ દેશો |
| ભાઈ શ્રી આશિષ સિંઘ | દક્ષિણ એશિયા |

(શ્રીલંકા, ભુતાન, પાકિસ્તાન, નેપાલ અને બાંગ્લાદેશ)

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## ભૂતકાળમાં ડોકિયું

"ઈન્ડીયા ઈન ધ વેસ્ટ" – જ્યારે પૂ.માસ્ટર તેમના ગુરુજી બાબુજી મહારાજ સાથે ૧૯૭૨માં પ્રથમ વિદેશ યાત્રાએ ગયા હતા, ત્યારે તેમણે લખેલી અતિ ચોક્કસ નોંધોમાંથી પ્રકાશિત થયેલા પુસ્તકનું આ શિર્ષક છે. તે સફરની ઝલક નીચે આપવામાં આવી છે.


ઈજીપ્ત – બાબુજી ૧૬મી એપ્રિલ ૧૯૭૨ના રોજ શાહજહાનપુરથી દિલ્હી આવવા નીકળ્યા. ૨૦મી એપ્રિલના રોજ, તેઓ આપણા માસ્ટર સાથે મુંબઈ આવવા નીકળ્યા અને તે પછીના દિવસે તેઓ કેરો જવા રવાના થયા.

ઈટાલી – તેઓ રોમ ખાતે ૯ દિવસ રહ્યા અને ઘણાં અભ્યાસીઓને મળ્યા, તેમના ઘરોની મુલાકાત લીધી અને જિજ્ઞાસુઓને તેમણે ધ્યાનની પ્રારંભિક બેઠકો આપી, તેમના પ્રશ્નોના જવાબ આપ્યા અને પ્રશિક્ષકો નીમ્યા. સ્થાનિક સભાઓમાંની એકમાં આપણા માસ્ટર "સહજ માર્ગના પ્રકાશમાં ધર્મ અને આધ્યાત્મિકતા" વિષય ઉપર બોલ્યાં

ફ્રાંન્સ, ૨૯મી એપ્રિલ – તેમણે ઘણી જગ્યાઓની મુસાફરી કરી જેવી કે , નીસ, માર્સેલ્સ, લ બોસે અને પેરીસ. એક સાંજે, બાબુજી એક ફ્રેન્ચ સજ્જન સાથે ચર્ચામાં ઓતપ્રોત હતા, આ સજ્જને થોડા વર્ષો તિબેટમાં લામા સાથે ગાળ્યા હતા અને પોતાની ત્રીજી આંખ ખોલવા માટે નિર્દેશ કરવામાં આવેલી વિધિઓમાંથી પસાર થયા હતા. બાબુજીએ તેમને તેમનો અભ્યાસ કરીને તેમના વિષે તારણો આપવા કહ્યું હતું. તે સજ્જને કહ્યું કે બાબુજીના ગુરુજી હંમેશાં તેમની સાથે જ હોય છે. બાબુજી આ સાથે સહમત થયા હતા. પછી આ સજ્જને બાબુજી પ્રત્યે સંચારણ કર્યું હતું, જેની બાબુજીએ બહાલિ આપી હતી કે તે સજ્જન તેમ કરી શક્યા હતા. બાબુજી તેમની નિષ્ઠા, તેમના પોતાના ગુરુ પ્રત્યેનો સાચો પૂજ્યભાવ, એ બધાંને કારણે તેમનાથી ઘણા પ્રભાવિત થયા હતા અને વારંવાર તેમના વિષે સન્માનપૂર્વક બોલ્યા હતા.

ડેન્માર્ક – બાબુજી અને આપણાં માસ્ટર કોપનહેગન આવ્યા અને અભ્યાસીઓ દ્વારા તેમને ભવ્ય સત્કાર આપવામાં આવ્યો હતો.

૧૨મી મેના રોજ ડેનીશ રેડિયોએ બાબુજી સાથે વાર્તાલાપ કર્યો હતો, જેમાં આપણા માસ્ટરે પણ કેટલાક પ્રશ્નોના ખુલાસા કર્યાં હતાં. અન્ય દેશોમાંથી ઘણાં અભ્યાસીઓ બાબુજીને મળવા ડેન્માર્ક આવ્યા હતા. કોપેનહેગનમાં સહજ માર્ગનો પરિચય આપવા સ્થાનિક સમાચારપત્રોમાં જાહેર સભાઓની જાહેરાતો કરાઈ હતી, જેમાં ૩૦૦થી વધારે લોકો હાજર રહ્યા હતા.



## VBSE તાલિમ કાર્યશાળા, ચેન્નઈ

એપ્રિલના છેલ્લા અઠવાડિયા દરમિયાન બાબુજી સ્મારક આશ્રમ, ચેન્નાઈ ખાતે દક્ષિણ ક્ષેત્રોમાંથી આવતા આપણા અભ્યાસીઓ માટે ૩ દિવસની કાર્યશાળાનુ સંચાલન થયું હતું. લગભગ ૭૫ અભ્યાસીઓ, જેમાંના ડઝન કરતા વધારે શિક્ષકો હતા અને ૩ શાળાઓના આચાર્યો હતા, તેમણે ખૂબ ઉત્સાહપૂર્વક હાજરી આપી. નવો અભ્યાસક્રમ જે LMOIS અને SMRTI દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાઈ રહ્યો છે તેની ચર્ચા કરવામાં આવી અને સહભાગીઓને ઘટકો, વિદ્યાર્થીઓ માટેના ચકાસણી પત્રકો, વાલીઓ માટે તૈયાર કરાયેલા પ્રતિભાવ પત્રકો ઉપર તેમના મંતવ્યો રજૂ કરવા વિનંતિ કરવામાં આવી હતી. તે ઘણું ફળદાયી રહ્યું અને સહભાગીઓ દ્વારા ઘણા સૂચનો આપવામાં આવ્યા હતા.

અભ્યાસક્રમ તૈયાર થઈ રહ્યો છે અને આશા રાખવામાં આવે છે કે પ્રાથમિક શાળાઓ માટેનો અભ્યાસક્રમ થોડા જ વખતમાં તૈયાર થઈ જશે.

## VBSE ઉનાળુ શિબિર, ભોપાલ

૮મી અને ૯મી મે ૨૦૧૦ના રોજ ભોપાલ કેંન્દ્રે બે દિવસનો VBSE ઉનાળુ શિબિર આયોજીત કર્યો હતો. ૭૬ વિદ્યાર્થીઓએ શિબિર માટે નામ નોંધાવ્યા હતા, જેમાંથી ૨૬ બિન–અભ્યાસી કુટુંબોના સભ્યો હતા.

પહેલા દિવસે બાળકોને ગુલાબના ફૂલો દ્વારા હાર્દિક આવકાર આપવામાં આવ્યો. તે પછી જાત–ઓળખાણની પ્રવૃત્તિ, 'તમારી જાતને અભિવ્યક્ત કરો' કરવામાં આવી હતી. બાળકોની સારી નરસી આદતો ઉપર એક અબોલ નાટક રજૂ કરવામાં આવ્યું હતું, જેને બાળકોએ ખૂબ ઊડાણથી નીહાળ્યું હતું. ઈશ્વર, ગુરૂ અને આપણી અંદરના ઈશ્વરના અસ્તિત્વ વિષેના વિચારો કેટલીક નાની પ્રવૃત્તિઓ દ્વારા દર્શાવવામાં આવી. બાળકોને કાગળને વાળીને અન્ય આકૃતિઓ, તેમજ હોડી બનાવવાની મઝા પડી હતી.

બીજા દિવસનો વિષય હતો, 'કુદરતના ખોળામાં', જેમાં જીવનના પાંચ મૂળતત્વો –હવા, પાણી, પૃથ્વી, અગ્નિ અને અવકાશ–ને વર્ણવામાં આવ્યા હતા. કઠપૂતળીઓ અને કાગળના રમકડા દ્વારા સમયનું સંચાલન, મનનું શુધ્ધિકરણ, અલગ અલગ પરિસ્થિતિઓમાં વ્યવહાર વગેરે દર્શાવવામાં આવ્યા હતા અને મૂલ્યો વિષે આંતરસૂઝ, જળ સંરક્ષણ ઉપર રજૂઆત, ભાઈચારો, અલગ અલગ વસ્તુઓની અંદર માનવ મૂલ્યોની કદર જેવી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી. દરેક બાળક ભાગ લે, તે સુનિશ્ચિત કરવા તેને પ્રહસન, બાળ કવિતાઓ, ગીતો અને સમૂહગાયનો વગેરે રજૂ કરવાનું કહેવામાં આવ્યું હતું. બાળકોને દરરોજ સવારે અને રાત્રે સૂતી વખતે મિશનની પ્રાર્થના બોલવાનું કહેવામાં આવ્યું હતું. શિબિરનું સમાપન સેન્ટર–ઈન–ચાર્જ શ્રી પ્રભાકર દાસના વિદાય પ્રવચન અને બાળકોમાં યાદગીરીની ભેટોના વિતરણથી કરવામાં આવ્યું.



# VBSE પ્રવૃત્તિઓ

મુઝફ્ફરપુર કેંન્દ્રમાં ૧૨મી થી ૧૭મી એપ્રિલ દરમિયાન, વિવિધ સ્થળોએ VBSE અને ઓપન હાઉસના કાર્યક્રમોનું સંચાલન કરવામાં આવ્યું હતું. આયોજન ટુકડી શ્રી આર.એસ.ચૌહાણ, દેહરાદૂનના લેફ્ટ.કર્નલ ડૉ.મનુ ચોપ્રા, ગઝીયાબાદના બહેન ચંન્દ્રકાંતા, શ્રીમતિ મધુ રોહિલ્લા, કર્નલ અનિલ કુમાર, અને સેન્ટર–ઈન–ચાર્જ ભાઈ શ્રી સંજીવ ભારતીની બનેલી હતી. વધારે અસર મેળવવા માટે કોલેજના પ્રાધ્યાપકો, શિક્ષકો અને લશ્કરના કર્મચારીના સલાહ–સૂચન લેવામાં આવ્યા હતા.



VBSE અધિવેશનની શ્રેણી પટના કેંન્દ્ર ખાતે ૧૨મી એપ્રીલના રોજ બિહાર અને ઝારખંડના ઝોન–ઈન–ચાર્જ ભાઈ શ્રી જી.એમ.ભટનાગરની ઉપસ્થિતિમાં શરૂ થઈ. અધિવેશનમાં બિહારના અલગ અલગ કેંન્દ્રોના લગભગ ૫૦ અભ્યાસીઓએ હાજરી આપી.

પછી ટુકડી મુઝફ્ફરપુર કેંન્દ્ર ગઈ અને ૧૩મી એપ્રિલના રોજ દયાલુ સિંઘ કૉલેજમાં કાર્યક્રમનું સંચાલન કર્યું

૧૫૧ INF Bn (TA) JAT, મુઝફ્ફરપુર ખાતે ૧૪મી એપ્રિલના રોજ ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું હતું જ્યાં બહેન ચંન્દ્રકાંતા અને બહેન મધુ રોહિલ્લાએ પ્રાયોગિક ઉદાહરણોની મદદથી VBSEની અગત્યતા સમજાવી હતી. કાર્યક્રમમાં ૧૨૫ કરતા વધારે સહભાગીઓએ હાજરી આપી હતી.

૧૫મી એપ્રિલના રોજ, ટુકડીને હોલી મિશન સીનીયર માધ્યમિક શાળાના શિક્ષકો સાથે ઘણી રસપ્રદ અને ફળદાયી વાતચીત થઈ. કર્નલ અનિલ રોહિલ્લાએ શ્રોતાગણને આધ્યાત્મિકતાનો અર્થ સમજાવ્યો.

૧૬મી એપ્રિલના રોજ DAV પબ્લીક શાળા, માલીઘાટ ખાતે VBSE કાર્યક્રમનું સંચાલન થયું જેમાં આશરે ૫૦ શિક્ષકોએ ભાગ લીધો.

૧૭મી એપ્રિલે મધુબની ખાતે ઓપન હાઉસનું આયોજન હતું, જેમાં ૬૦ શિક્ષકોએ ભાગ લીધો, જેઓ VBSE તાલિમ વર્ગો પણ ભરતા હતા. મધુબની મુઝફ્ફરપુરથી આશરે ૧૧૦ કી.મી. અંતરે આવેલું છે.

જામનગર કેંન્દ્રે ત્રીજી વખત ૫–૧૩ વર્ષની ઉમરના બાળકો માટે ૫મી મેથી શરૂ થઈને એક મહીનો લાંબી VBSE કાર્યશાળાનું આયોજન કર્યું હતું. કાર્યશાળામાં ૮૦ બાળકોએ ભાગ લીધો તેમાંથી ૪૦ નિયમિત હાજર રહેનારા હતા. કાર્યશાળામાં વિવિધ વિષયોને આવરી લેવાયા જેવા કે ગુરૂ, પ્રેમ, પ્રાર્થના, શિસ્ત અને વિનમ્રતા. દરરોજ બાળકોને પ્રાર્થના બોલ્યા પછી તેમને મન ગમતી રમત ખેલવાને પ્રોત્સાહિત કરવામાં આવતા.

કાર્યશાળાના છેલ્લા દિવસે ધ્યાન ખંડ ખાતે સહભાગી બાળકોના માતા–પિતાઓને સમાપન અધિવેશનમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. ૧૦૦ કરતા વધારે લોકો બાળકોએ તૈયાર કરેલી વિવિધ પ્રસ્તુતિઓને નિહાળવા એકત્રિત થયા હતા. સહભાગીઓને સુંદરતા અને ધ્યાનના પ્રતિક તરીકે ગુલાબના છોડ ભેટ આપવામાં હતા. માત–પિતાઓએ જોયું કે બાળકોએ કાર્યશાળામાં ભાગ લીધા બાદ ટી.વી. નિહાળવાનો સમય ઘટાડી નાખ્યો હતો. તેઓ સવારે, ભોજન પહેલા અને રાત્રે સૂતા પહેલા પ્રાર્થના કરવાનું શીખ્યા હતા.

મધ્યપ્રદેશના વિદિશા કેંન્દ્ર ખાતે બે દિવસના ૧૫–૧૬મી મે, ૨૦૧૦ દરમ્યાન VBSE ઉનાળુ શિબિરનું આયોજન થયું. પ્રથમ દિવસે આવરી લેવાયેલા વિષયોમાં " ઈશ્વર અને ગુરુ" અને " નમ્ર બનો અને બીજાઓએ માન આપો" હતા. બહેન અંજલી અને ભાઈ શ્રી પ્રમોદ તથા તેમના સ્વયંસેવકોની ટુકડીએ વિવિધ પ્રહસનો, રમતો, અને આ મૂલ્યોનો સંદેશ આપતા વિજ્ઞાનના પ્રયોગોનું આયોજન કર્યું હતું. બીજા દિવસે "શિસ્ત" વિષય ઉપર ધ્યાન કેંન્દ્રીત કરવામાં આવ્યું હતું અને તેને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમજાવવામાં આવ્યો હતો. બાળકોને શારીરિક રીતે ચુસ્ત રહેવાની જરૂરીયાત સમજાવવા માટે યોગાસનો શીખવવામાં આવ્યા.

જાઓરા, ઈન્દોર ખાતે ૧૨મી મે –૧૩મી મે દરમિયાન બાળકો માટે જૈન



યુવા જૂથ દ્વારા આયોજીત ૯ દિવસના આવાસી શિબિરના ભાગ રૂપે VBSE કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

VBSE કાર્યક્રમ શિબિરના છેલ્લા બે દિવસોમાં હતો. ૧૦ સ્વયંસેવક ભાઈ–બહેનોની ટુકડીએ કાર્યક્રમનું સંચાલન કર્યું, જેને પાંચ બેઠકોમાં વિભાજીત કરવામાં આવ્યો હતો. પાંચ મૂલ્યો જેની ઉપર ધ્યાન કેંન્દ્રિત કરવામાં આવ્યું હતું, તેના નામ પ્રેમ, આદર, કહેવું અને સાંભળવું, સહકાર અને વહેંચણી. ત્રણ બેઠકોમાં હાથ ઉપર લેવાયેલા મૂલ્યો પોતાની જાતના સંદર્ભમાં, આજુબાજુમાં આવેલી વસ્તુઓ સંદર્ભમાં અને ઈશ્વરના સંદર્ભમાં મૂલ્યોની સંગતતાના, વિષયો ઉપર આધારિત હતા.

૧૩–૧૬ વર્ષની વયજૂથના ૪૦ બાળકો હતા. પહેલા સત્રનો કારભાર બહેન યામિની કર્માકર અને ભાઈ શ્રી રાજેશ રાવેકરે સંભાળ્યો, જે દ્રષ્ટાંતો અને પ્રયોગોથી ભરપુર હતો. અંતે બાળકોએ કહ્યું કે માત્ર મૂલ્યો જ આપણને વિકાસ, આનંદ અને હળવાશ તરફ લઈ જાય છે.

શરીરના સંદેશા વ્યવહાર સમજવા માટે પ્રાયોગિક બેઠકો હતી અને તે પ્રમાણે કામ કરવા માટે, સારી તંદુરસ્તી માટે, સાચા વલણ માટે, તેને સફળતાના પગથિયાં તરીકે લઈને તેના પ્રતિ નમ્ર અભિગમ વિકસાવીને, વડીલોને માન આપીને, વિચારોની આપલે કરીને. સહકાર, બીજાઓ પ્રત્યે કાળજી અને સંબંધ

રાખવો જોઈએ વગેરેની ચર્ચાઓ થઈ અને ભાઈ શેખર શર્મા ,બહેન પ્રીતિ શર્મા અને બહેન વિનીતા રેવરેકરે વાર્તાઓ, લઘુ નાટિકાઓ, વૈજ્ઞાનિક પ્રયોગો વગેરેની મદદ લઈને આ બધું કરી બતાવ્યું. કાર્યક્રમ હાસ્ય અને અશ્રુઓથી ભરપૂર હતો, પણ સાચો સંદેશ પહોંચી ચૂક્યો હતો.

ત્રીજો કાર્યક્રમ સર્વશક્તિમાનના સંબંધમાં મૂલ્યો પર કેન્દ્રિત હતો કારણકે "તે" આપણી અંદર રહેતો હોવાથી "તેના" પ્રત્યેનો આદર અને પ્રેમ, આપણા સાથીઓ પ્રત્યે આદર અને પ્રેમ દર્શાવવામાં કુદરતી સંપત્તિઓનો આદરપૂર્વક સાચો ઉપયોગ કરવામાં પ્રતિબિંબિત થવો જ જોઈએ. અંતે, સહભાગીઓને આપવામાં આવેલા કેટલાક વિષયો પર એમની લાગણીઓ રજૂ કરવા માટે તેઓને ચાર જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ભાઈ વિનોદ સાઠે, ભાઈ શ્રીરામ દ્રવિડ અને ભાઈ રાજેશ દ્વારા સંભાળવામાં આવ્યો હતો.

પોતાના જીવનમાં બદલાવ લાવવા ઈચ્છતા પરિવર્તનોની યાદી બનાવવા માટે બાળકોને કહેવામાં આવ્યું હતું .મુદ્દાઓ નાના હતા છતાં ઘણા જ વ્યવહારુ હતા. બાળકો તરફથી મળેલા પ્રતિસાદથી સ્વયંસેવકની ટીમ ખુશીથી આનંદિત થઈ ગઈ હતી. VBSE દ્વારા આપણા માસ્ટરે આપેલી નિખાલસતા, નરમાશ અને દિવ્યતાએ એમનાં હૃદય જીતી લીધાં હતાં.

વિદાય સમારંભમાં આયોજન સમિતિનાં સભ્યો અને શહેરના બીજા સામાજિક કાર્યકરોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા .ભાઈશ્રી રાજેશે આપણા મિશન વિષેની માહિતીની રજૂઆત કરી હતી.

# પ્રકાશનાં નવાં કેન્દ્રો

## કાસરગોડ, કેરાલા

૨–મે, ૨૦૧૦ ના રોજ, કાસરગોડ સેન્ટર ખાતે ધ્યાનખંડનું ઉદઘાટન રાખવામાં આવ્યું હતું. જાન્યુઆરી ૨૦૦૭મા કાસરગોડ સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી તે કાસરગોડ શહેરથી લગભગ ૧૬ કિ.મી દૂર ગ્રામ્ય વિસ્તારમાં બેલામાં આવેલો છે . જે કેરાલાના ઉત્તરમાં આવેલું શહેર છે. આ ધ્યાનખંડ આંખની હોસ્પીટલની મધ્યમાં આવેલો છે. હોસ્પીટલના મોટાભાગના કાર્યકરો અભ્યાસીઓ છે.

ભાઈ ટી.વી.કુન્હીકાનને (પય્યાન્નુર નાં સી આઈ સી) હાજર રહેલા લગભગ ૬૦ અભ્યાસીઓને સવારે ૭.૩૦ વાગે સત્સંગ કરાવ્યો હતો. એમણે ત્યાર પછી શિલાન્યાસનું અનાવરણ કર્યુ હતું. એ પછી ટૂંકો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં પ્રતિનિધિઓ દ્વારા પ્રવચનો અને બાળકો તથા કાર્યકર્તાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભાઈ કુન્હીકાનને એ હકીકત પર પ્રકાશ પાડ્યો હતો કે આ સેન્ટર ભૌતિકતા અને આધ્યાત્મિકતા વચ્ચે સંતુલન જાળવવા માટેનું એક ઉદાહરણ છે. હોસ્પીટલના ચેરમેન ભાઈ નીલકંતન યોગ્ય જીવનનું મહત્ત્વ, આરોગ્યવિદ્યાનું મહત્ત્વ અને પર્યાવરણને લગતા સદાચાર વિષે બોલ્યા હતા. નાગપુરના આયકર વિભાગના એડી. કમિ. ભાઈ જયાશંકર આઈ આર એસ, માનવજીવનમાં સેવાની ઉપયોગીતાના મહત્ત્વ પર બોલ્યા હતા. ભાઈ ઉમેશ, ડીરેક્ટર, ડો.એન .સુનીલ, પ્રશિક્ષક અને હોસ્પીટલના ડીરેક્ટર, ડો.કે.નારાયાનન, મેડીકલ સલાહકાર અને મિસ્ટર ફીલીપોઝ, ચેરમેન –સેવના ટ્રેડર્સ પણ આ પ્રસંગે બોલ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન બધા ઉપર માસ્ટરનો પ્રેમ અને એમની આશિષો સ્પષ્ટ રીતે વરસી રહી હતી.

## ટીટોડી ,સૌરાષ્ટ






અતિપ્રિય માસ્ટરની કૃપાથી છેલ્લા બે– ત્રણ મહિનામાં, સૌરાષ્ટ્ર પ્રદેશમાં અને ખાસ કરીને જામનગરથી દ્વારકાના વિસ્તારમાં મિશનની પ્રવૃત્તિઓમાં નોંધનીય વૃદ્ધિ થઈ છે. ૧૩ જૂન રવિવારે, ગુજરાતના ઝોન–ઈન–ચાર્જ, ભાઈ રાજેશ અગરવાલે ખંભાળિયા નજીક આવેલા ટીટોડીની મુલાકાત લીધી હતી. એ વખતે ટીટોડી કેંન્દ્રમાં માત્ર ૭ નિયમિત અભ્યાસીઓ હતા. જે લોકો અનિયમિત હતા, તેમનો સંપર્ક કરવા માટે અભ્યાસીઓને વિનંતી કરવામાં આવી હતી. "તેમની" કૃપાથી ૨૦ અભ્યાસીઓ રવિવારના સત્સંગમાં હાજર રહેવા પાછા આવ્યા હતા. ખંભાળિયાના સેન્ટર–ઈન–ચાર્જ ભાઈ ભાવિન પટેલે, ઝેડ આઈ સી અને લગભગ સ્થાનિક ૨૫ અભ્યાસીઓની હાજરીમાં નવા ધ્યાનકક્ષનું ઉદઘાટન કર્યું હતું. સૌરાષ્ટ્રમાં ટીટોડી એક નાનકડું ગામ છે, જે ત્રણ વર્ષથી મિશનનું કેંન્દ્ર છે. આ ગામની વસ્તી લગભગ ૨૫૦૦ છે.

## વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ, જામનગર, ગુજરાત

૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિવસે જામનગરની મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા યુવાન અભ્યાસીઓએ વૃક્ષારોપણની શરૂઆત કરી હતી. તેમણે બીજા અભ્યાસીઓ અને જામનગર સેન્ટરના સેન્ટર–ઈન–ચાર્જ ભાઈ સચિન વ્યાસની હાજરીમાં તેમની કોલેજના મેદાનમાં વૃક્ષો રોપ્યાં હતાં. સાંજે જામનગર મ્યુનીસીપલ કોર્પોરેશનના સભ્યો મીસીસ હર્ષિદા પંડ્યા, મીસીસ સહારા મકવાણા અને બહેન સંગોયાને આમંત્રણ આપવામાં આવ્યું હતું .આ પ્રસંગને પ્રોત્સાહિત કરવા ૪૦ થી વધારે બાળકો અને એમના માતાપિતા હાજર રહ્યા હતા.







# અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ

## ગ્વાલિયર



પૂ.માસ્ટરની કૃપાથી ગ્વાલિયર સેન્ટર ખાતે ૧૪–૧૬ મેં સુધી એ ટી પી નું આયોજન કરવામાં આવ્યું હતું અને ગ્વાલિયર તથા નજીકના સેન્ટરોમાંથી ૩૧ અભ્યાસીઓ હાજર રહ્યા હતાં.

તાલીમાર્થીઓ ૧૪ મી મેના રોજ ભેગા થયા હતાં અને વ્યક્તિગત ધ્યાનની બેઠકો લઈને તેમણે તેમની જાતે પોતાને તૈયાર કર્યા હતાં. સાંજે ૭ વાગે સત્સંગનું સંચાલન કરવામાં આવ્યું હતું. તે પછી સ્વાગત પ્રવચન અને નાટક રાખવામાં આવ્યું હતું, જેમાં અભ્યાસીઓને તાલીમ કાર્યક્રમનો માટેના દિશાસૂચનો કરવામાં આવ્યા હતાં.

૧૫ મી મેના રોજ, પહેલી બેઠકમાં 'ધ્યેય નક્કી કરવાનું મહત્ત્વ' અને 'ધ્યાન તથા સમૂહ સત્સંગ' પર પ્રવચનો રાખવામાં આવ્યા હતા. ત્યાર પછી રજૂ કરાયેલા વિષયો પર સમૂહમાં ચર્ચા અને પ્રશ્નોત્તરી રાખવામાં આવ્યા હતા. બીજી બેઠકમાં 'સફાઈ' તથા 'ડાયરીલેખન'ના વિષયો પર ભાષણો, સમૂહમાં ચર્ચા અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્રીજી બેઠક '૧૦ નિયમો' પર હતી અને એમાં ભાષણ તથા પારસ્પારિક ચર્ચાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અહીં પહેલા ત્રણ નિયમોને આવરી લેવામાં આવ્યા હતાં.

૧૬મી મેના રોજ પહેલી બેઠક આગલા દિવસના કાર્યક્રમથી આગળ ચાલુ કરવામાં આવી હતી અને એમાં બાકીના ૭ નિયમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બીજી બેઠકમાં 'પ્રાર્થના' અને 'સતત સ્મરણ'ના વિષયો પર વકતવ્યો, સામુહિક ચર્ચા અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવ્યો હતો .ત્રીજી બેઠકમાં 'પ્રેમ અને કૃતજ્ઞતા' પર વકતવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

બધા જ દિવસોમાં, સવારની શરૂઆત વહેલી સવારે ૪ વાગે, સવારના ધ્યાન ,આત્મ –નિરીક્ષણ ,સાહિત્ય વાંચન અને મૌનથી થઈ હતી. સાંજે વ્યક્તિગત ધ્યાનની બેઠકો ,સફાઈ, વૈશ્વિક પ્રાર્થના અને ભજનો થતાં હતાં.

## દિલ્હી

૨૩ મી મે, ૨૦૧૦ના રોજ દિલ્હી સેન્ટરના આર કે પુરમ આશ્રમમાં એ ટી પી સ્તર–૧ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિલ્હી અને ગુરગાંવ સેન્ટરોના કુલ ૩૬ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. ભાઈશ્રી જ્ઞાન સરીને આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત રવિવારના સત્સંગ પછી સવારે લગભગ ૯–૩૦ વાગે થઈ હતી અને બપોરે ૨–૩૦ સુધી ચાલી હતી. ભાગ લેનારાઓએ એને ઘણી સારી રીતે આવકારતા અભિવ્યકત કર્યું હતું કે એ ટૂંકા સમયમાં તેમણે સહજ માર્ગની ઘણી જ વ્યાપક સમજ મેળવી હતી. રજૂઆતની પદ્ધતિની પણ કદર કરવામાં આવી હતી.

## મિરઝાપુર, યુ.પી.

૬ઠ્ઠી જૂનનાં રોજ પ્રશિક્ષક ભાઈ સુરેશ કુમાર ત્રિપાઠીના નિવાસે, ઝોન–ઈન–ચાર્જ ભાઈ શ્યામજી મેહરોત્રાના વિશેષ પ્રયત્નો દ્વારા મિરઝાપુર સેન્ટર ખાતે પહેલી જ વાર એ ટી પી નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મિરઝાપુરના ૩૨ અભ્યાસીઓએ હાજરી આપીને આધ્યાત્મિક લાભ લીધો હતો. કાનપુર



સેન્ટરના બહેન અંજુ શ્રીવાત્સવે અને લખનૌના ભાઈ સુલભ સોનીએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં યુવા પક્ષના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ તે તાલીમાર્થીઓની જરૂરીયાતોને પૂરી કરવા આયોજીત કરાયો હતો કે જેઓ આ પદ્ધતિમાં નવા જોડાયા હતાં અને જેઓ આ પ્રવૃત્તિમાં અને પદ્ધતિમાં આતુરતાપૂર્વક રૂચિ ધરાવતા હતા.

સાધના, સફાઈ અને સતત સ્મરણને લગતા વિષયો પર વિશેષ ચર્ચાઓ કેંન્દ્રિત કરવામાં આવી હતી જેથી અભ્યાસીઓ પધ્ધતિનાં દરેક પાસાં વિષે સ્પષ્ટતા મેળવે જે સ્વ–મૂલ્યાકનમાં મદદરૂપ હતી.

## નવા અભ્યાસીઓ માટે નો પ્રોગ્રામ, ઈન્દોર, મ.પ્ર.

૨૩ મી મે રવિવારના રોજ ઈન્દોર સેન્ટર ખાતે નવા અભાસીઓ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૨૫ નવા અભ્યાસીઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી .ભાગ લેનારાઓને જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતાં. પ્રશિક્ષક /કાર્યકર્તાઓની ટુકડીએ દરેક જૂથ માટે કો–ઓર્ડીનેટરની ભૂમિકા ભજવી હતી .એક સામાન્ય સમસ્યાની નોંધ લેવામાં આવી હતી કે અભ્યાસનાં વિવિધ પાસાઓનો અમલ કરતા પહેલા તેઓ દરેક પાસાને બારીકાઈથી સમજવા ઈચ્છતા હતા. બેઠકના અંતે આજ્ઞા –પાલનને વ્યવહારમાં લાવવાની જરૂરીઆત લાગી હતી. સફાઈ અને ધ્યાન પર પુછેલા પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા હતા. દસ નિયમોની સમજણ જરૂરી છે, તે વાત પર ધ્યાન આપવામાં આવ્યું હતું અને એના પર લંબાણપૂર્વક ચર્ચાઓ થઈ હતી . આ બધાની ઉપરાંત, જે સૌથી ઓછી અનુભવાયેલી પણ મુખ્ય બાબત કે જે છે પ્રિય માસ્ટરની મદદ, તેની સમજ સહભાગીઓને આપવામાં આવી હતી.

## સાધના પર કાર્યશાળા ,તેનકાસી ,તામીલનાડુ

તામીલનાડુના તીરુનેલ્વેલ્લી જીલ્લામાં આવેલા તેનાકાસી ખાતે ૧૩ મી જૂને "સહજ માર્ગની સાધના" પર એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનાકાસી નાનું સેન્ટર હોવા છતાં પુલિયાન ગુડીમાંથી આવેલા ૬ અભ્યાસીઓ સાથે ૨૧ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. અભ્યાસીઓનું ૪ જૂથમાં વિભાજન કરવામાં આવ્યું હતું અને દરેક જૂથને સાધના અને આધ્યાત્મિકતાના ઉપર આધારિત એ વિષયો સંશોધન કરવા માટે આપવામાં આવ્યા હતા. અંતમાં, દરેક અભ્યાસીએ અનુભવ્યું કે કાર્યક્રમ દરમિયાન તેઓ પૂ.માસ્ટરની અનંત કૃપામાં તરબોળ થઈ ગયા હતા. બાબુજી મહારાજે જે વ્હીસ્પર્સમાં કહ્યું છે, એનો એ પુરાવો હતો કે આનંદ કૃપાને આકર્ષે છે. બધા જ અભ્યાસીઓ માટે આ વિચાર પ્રેરક કાર્યશાળા હતી.

## ૨૪ મી જુલાઈના ઉત્સવની તૈયારીઓ, લખનૌ





૨૪ મી જુલાઈ ,૨૦૧૦ ના રોજ લખનૌ માં માસ્ટરના ૮૪ માં જન્મોત્સવ માટેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. વિશાળ લખનૌ આશ્રમનું પ્રાંગણ બાંધકામની પ્રવૃત્તિઓથી ધમધમે છે. રહેવા માટેના તંબુઓ, રસોડું અને બીજા વિવિધ સ્ટોલ્સની શરૂઆત થઈ ગઈ છે. નવો મેડિટેશન હોલ પણ બંધાઈ ગયો છે. રસ્તાઓને અંતિમ આકાર આપવામાં આવી રહ્યો છે અને ડોરમેટરિની નવી પાંખનું બાંધકામ લગભગ પૂરું થઈ ગયું છે. આશ્રમને આકર્ષક દેખાવ આપતા પ્રવેશ માટેનો વિશાળ દરવાજો તૈયાર થઈ ગયો છે. મોટી સંખ્યામાં અભ્યાસીઓ આવવાની આશા હોવાથી બાધકામ અને વિકાસની વિવિધ ધમધોકાર પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ધારેલું કાર્ય સમયસર પૂરું થાય, તેની તકેદારી રાખવા સ્વયંસેવકોની ટુકડીઓ રાત દિવસ કાર્ય કરી રહી છે.

## પહેલી વાર્ષિકતિથિ નિમિત્તે ઉત્સવો

### ચીક્કાનાયાકાના હલ્લી, કર્ણાટક

૧૩ મી જૂન ૨૦૧૦ ના રોજ, કર્ણાટક રાજ્યના ચીક્કાનાયાકાના હલ્લી અને હુલીયાર કેંન્દ્રોએ તેમનો પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવ્યો હતો. હાલમાં ચીક્કાનાયાકાના હલ્લી સેન્ટરમાં ૩૫ અભ્યાસીઓ છે, જયારે હુલીયારમાં ૨૦ અભ્યાસીઓનો સમાવેશ થાય છે. પ્રસંગને ઉજવવા માટે સ્થાનીય અભ્યાસીઓએ આખા દિવસનાં કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ભિન્નભિન્ન સેન્ટરો જેવા કે તુમકુર, તીપ્તુર, સી એન હલ્લી અને હુલીયાર સેન્ટરમાંથી લગભગ ૭૦ અભ્યાસીઓ સી એન હલ્લી સેન્ટરમાં આ પ્રસંગ માટે ભેગા થયા હતાં. ''સહજ માર્ગ, જીવનનો એક માર્ગ'' વિષયને આવરી લેવામાં આવ્યો હતો જેમાં સાધનાના જુદા જુદા પાસાઓને ઉપસાવવામાં આવ્યા હતાં. એ પછી નવા જોડાએલા અભ્યાસીઓ દ્વારા અનુભવની આપ-લેનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની સમાપ્તિ સાંજના સત્સંગથી થઈ અને આપણા અતિપ્રિય માસ્ટરની યાદમાં અમે બધા પોતાના સેન્ટરોમાં પાછા જવા રવાના થયા હતાં.

## ચીકમાંગલુર(કર્ણાટક) ખાતે સંમેલન



૮ મી એપ્રિલે પ્રશિક્ષક ભાઈ આર. એસ. સત્યાનારાયણે તેમના ચીકમાંગલુંરના નિવાસ સ્થાને લગભગ ૪૦ અભ્યાસીઓ માટે એક સંમેલનનું આયોજન કર્યું હતું. વ્હીસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડ માંથી એક સંદેશનું કન્નડામાં કરેલા અનુવાદનું વાંચન કરવામાં આવ્યું હતું.

બપોરના ભોજન પછી બહેન નાગરત્ના, ભાઈ રામચંદ્ર, ભાઈ દિનેશ ગોખલે, ભાઈ ડો. સતીશ, ભાઈ દેવરાજ, બહેન પરીમલા અને બહેન રાજમ્માંએ સતત સ્મરણ અને સાધનાના યોગ્ય અભ્યાસથી તેમનાં દરેકના જીવનમાં કેવી રીતે મદદ મળી, તે અંગે પોતાના અનુભવો કહ્યા હતાં. સંમેલનનો અંત ભાગ લેનારાઓએ સેન્ટરને વિકસાવવા માટે આપેલી સૂચનોથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ સાંજે ૬ વાગે પૂરો થયો હતો અને સમય કેવી રીતે પસાર થઈ ગયો એની કોઈને ખબર પડી નહતી.

## વડોદરા, ગુજરાત ખાતે રમતોનો દિવસ (સ્પોર્ટસ ડે)

૩૦ મે, ૨૦૧૦ના રોજ વડોદરા કેંન્દ્રના સ્વયમ સેવકોએ અભ્યાસીઓના બાળકો માટે રમતોની પ્રતિયોગિતા આયોજીત કરી હતી. સત્સંગ દરમિયાન, વડોદરા આશ્રમની લોનમાં પ્રતિયોગિતા રાખવામાં આવી હતી. ૩થી ૧૫ વર્ષ સુધીના ૨૫-૩૦ બાળકોએ એમાં ભાગ લીધો હતો. બાળકોને એમની વય મુજબ વિભાજીત કરવામાં આવ્યા હતા. બટાકા દોડ (૩ વર્ષથી નીચેના બાળકો માટે ), ૧૦૦ મીટર દોડ (૫-૧૦ વર્ષના બાળકો માટે ), લીંબુ -ચમચા અને કોથળા દોડ (૧૦વર્ષથી વધારે વયના બાળકો માટે )નું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ બધી જ રમતોનો આનંદ સારી રીતે માણ્યો હતો. આ પ્રતિયોગિતાથી બધા બાળકોમાં હળીમળીને રહેવાની, આનંદ કરવાની અને તંદુરસ્ત હરીફાઈ કરવાની ભાવના જાગ્રત થઈ હતી. માતાપિતા અને સ્વયંસેવકોએ પણ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.





"તમેજ પ્રયોગ છો, તમેજ પ્રયોગકર્તા છો અને તમે જ પ્રયોગનું પરિણામ છો. જો તમે કોઈપણ પ્રતિબધ્ધતા એમ વિચારીને કરો કે તે ગુરુ કે આધ્યાત્મિક સંસ્થા પ્રતિ છે, તો તે મૂર્ખામી છે. એવી કોઈ પ્રતિબધ્ધતા હોતી જ નથી, તે પ્રતિબધ્ધતા હંમેશાં તમારા પ્રતિ જ હોય છે. જે કોઈ આ યાદ રાખશે, તે ભવિષ્યમાં વિવેકી વર્તણૂંક જ કરશે. જે કોઈ આ યાદ નહીં રાખે અને મૂર્ખામીભર્યું વર્તન કરશે, તો હું દીલગીરીપૂર્વક જણાવુ છું કે તેમનુ ભવિષ્ય વેરાન બની જશે."

## ગૌહત્તી આશ્રમ:

ગૌહત્તી ઉત્તરપૂર્વના રાજ્ય આસામની રાજધાની છે. આ આશ્રમનો વિકાસ તાજેતરમાં થયો છે, જ્યારે તિનસુખિયા આશ્રમ જૂનો આશ્રમ છે અને તે પૂજ્ય બાબુજી મહારાજની મુલાકાતથી કૃપાર્થ થયેલો છે.

ફેબ્રુઆરી ૧૦ થી ૧૨, ૧૯૯૩ દરમિયાન ગૌહત્તી કેન્દ્ર આપણા માસ્ટરનું સ્વાગત કરવા ભાગ્યશાળી રહ્યું હતું. તે સમય દરમિયાન કલ્યાણ ભવન ખાતે સત્સંગ અને વિવિધ સંમેલનો યોજાયા હતા. પૂજ્ય માસ્ટર વારંવાર ઉલ્લેખ કરતા હતા કે આસામ તેમના માટે નવું નથી કારણકે તેમના બાળપણમાં જ્યારે તેમના કાકા શ્રી ભદ્રન, કે જેઓ ભારતીય જંગલ ખાતામાં સેવા આપતા હતા, તેમને મળવા તેઓ ત્યાં આવતા હતા. તે દરમિયાન તેઓ ત્યાં માઈલો સુધી ચાલ્યા હતા અને ઘોડા તેમજ હાથી પર સવારી કરી હતી અને આસામમાં ચારેબાજુ ફર્યા હતા. તેમણે સપ્રેમ યાદ કર્યું કે ગૌહત્તી જંગલ હતુ અને ત્યાં એક મોટી નદી હતી. તેમણે એમ પણ જણાવ્યું કે તેમના યૌવનકાળ દરમિયાન, સમગ્ર દુનિયામાં તેમણે જ્યાં પણ પ્રવાસ કર્યો હતો, ત્યાં પૂજ્ય બાબુજીનુ કામ જોરદાર રીતે કાર્યરત હતું અને આસામ પણ અપવાદ નહોતું. તેમણે બહારથી આવેલ અભ્યાસીઓને સ્થાનિક ભાષા શીખવાની અગત્યતા ઉપર ભાર મૂકતા જણાવ્યું કે તેનાથી સ્થાનિક લોકો આપણી સંસ્થામાં જોડાશે અને આમ માસ્ટરને આપેલું વચન નીભાવવામાં ભાષા મદદરૂપ થશે.

આશરે ૬૫૦૦ ચોરસફૂટ જેટલી જમીન આંશિક દાનમાં મળી હતી જે આંશિક સ્થાનિક કેંન્દ્ર દ્વારા ૧૯૯૮માં ખરીદવામાં આવી હતી. તેમાં સુકા ઘાસ અને વાંસથી સુંદર હંગામી ઝૂંપડી બનાવવામાં આવી હતી. તે અગાઉ, મૈત્રી મંદિરના અનાથાશ્રમમાં સત્સંગ થતો હતો.

વર્ષ ૨૦૦૯માં, અશંતઃ કાયમી માળખું બાંધવામાં આવ્યું હતું, જેમાં આજે આશ્રમમાં આશરે ૧૬૦૦ ચોરસફૂટની મોકળાશભરી જગ્યાવાળો મેડિટેશન હોલ છે, જે દર રવિવારે નિયમિત હાજર રહેતા ૧૦૦ અભ્યાસીને આરામથી સમાવી શકે છે. આશ્રમમાં માસ્ટર માટે સુસજ્જીત રૂમ, મોટું રસોડું, બાળકોનો વિભાગ, સંભાળ રાખનારાનો રૂમ અને ત્રણ બાજુ રમણિય બગીચો આવેલો છે.

આશ્રમનું સ્થળ મિશનના દરેક પ્રસંગોની ઉજવણી માટે અને પ્રાદેશિક સ્તરે અભ્યાસી તાલિમ કાર્યક્રમના આયોજકો માટે ફાયદાકારક છે. આપણા મિશનના ભાઈ યુ.એસ.વાજપયીજીએ વર્ષ ૨૦૦૪ માં આસામ અને ઉત્તરપૂર્વનો વિસ્તૃત પ્રવાસ કર્યો હતો. બહેન સીતા કુંચીથાપદમે વર્ષ ૨૦૦૭માં આસામ અને ઉત્તરપૂર્વ માટે વીબીએસઈ કાર્યશાળાનું સંચાલન કર્યું હતું. તેમજ ભાઈ એ.પી.દોરાઈએ વર્ષ ૨૦૦૮માં ગૌહત્તી રિફાઈનરીમાં ધ્યાન ઉપર તાલિમ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

વર્તમાન આશ્રમ, હાલના સંખ્યાબળ તેમજ ભવિષ્યમાં થનારી વૃદ્ધિને પણ સમાવી શકે તેમ છે, પણ ભવિષ્યમાં થનારા મિશનના વિકાસને તેમજ આસામ માટે એક પ્રાદેશિક આશ્રમ સંકુલની સંભવિતતાને ધ્યાનમા રાખીને, વર્ષ ૨૦૦૯માં એરપોર્ટ નજીક ખૂબ વિશાળ જમીન ખરીદવામાં આવેલી છે. હાઉસીંગ સોસાયટી કે જેને માસ્ટરે પ્રેમપૂર્વક 'સહજપુરમ સોસાયટી' નામ આપ્યું છે, તે સહિત પ્રાદેશિક આશ્રમની જમીન મંજૂર કરવામાં આવી છે.

પ્રાદેશિક આશ્રમ સંકુલને વાસ્તવિકતામાં ફેરવવા હજુ ઘણું આગળ જવાનું છે અને આપણે સ્થાનિક અભ્યાસીઓને શુભેચ્છા પાઠવીએ કે તેમને તેમના પ્રયત્નમાં ઝડપી સફળતા મળે.











© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.